દાખલ તારીખ : ૧૨/૦૨/૨૦૨૫
રજી.તારીખ : ૧૨/૦૨/૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૫/૦૪/૨૦૨૬
અવધી : વર્ષ માસ દિવસ
૦૧ ૦૨ ૦૩

# મહે. મુખ્ય સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મેંદરડા

**રે.દી.મુ. નં. ૦૪/૨૦૨૫**

**આંક – ૩૫**

મેનેજર શ્રી આકાશ શર્મા,
ગુજરાત ગ્રામીણ બેંક,
મેંદરડા શાખા, જી.જુનાગઢ. **::: વા દી**

વિ રૂ ધ્ધ

ધનશ્યામભાઈ લાલજીભાઈ સોજીત્રા,
રહે. જીન પ્લોટ વિસ્તાર, મુ.મેંદરડા, જિ.જૂનાગઢ **::: પ્ર તિ વા દી**

દાવો :- રૂા.૨,૬૮,૪૮૭-૦૦ પૈસા તથા ચડત વ્યાજ વસુલ મળવા બાબત.

---

વાદી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી પી.પી.ગજેરા,
પ્રતિવાદી તરફે : એક તરફી.

---

-:: ઠ રા વ :-

।૧। **વાદીનો કેસ :**

વાદીના દાવાની ટુકમાં હકીકત જોતા એવી છે કે, વાદી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક છે, જે પ્રાદેશીક ગ્રામીણ બેંક અધિનિયમ-૧૯૭૬ નીચે રચાયેલ બેંક છે જેની હેડ ઓફીસ રાજકોટ ખાતે આવેલી છે અને સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમા બેંકની શાખાઓ આવેલી છે. સૌરાષ્ટ્ર

ગ્રામીણ બેંકનું સંચાલન ભારત સરકાર, ગુજરાત સરકાર અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સંયુકત રીતે ચલાવવામાં આવે છે તથા આ બેંક સંપુર્ણ સરકારી બેંક છે. આ બેંક સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી બેંકની સુવિધા પુરી પાડે છે. જેમાં બેન્ક દ્વારા લોકોના રૂપિયાની ડીપોઝીટ સ્વીકારવામાં આવે છે તથા ભારત સરકાર તથા ગુજરાત સરકાર ની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરે છે તથા ખેડૂતોને ઓછા વ્યાજ દરે ધિરાણ પુરુ પાડે છે. આ ઉપરાંત હાઉસીંગ લોન તથા નાના ધંધાર્થીઓને પર્સનલ લોન આપે છે. આ ઉપરાંત સ્ત્રી સશકિતકરણ માટે સ્ત્રીઓના સ્વસહાય જુથો તથા મંડળોને ઓછા વ્યાજ દરે લોન આપે છે. આ કામના પ્રતિવાદીને ખેતીના હેતુ માટે ધિરાણ મેળવવાનું હોય, વાદી બેંકનો સંપર્ક કરેલ જેથી વાદી બેંકે પ્રતિવાદીઓની અરજીને ધ્યાને લઈ પ્રતિવાદી મેંદરડા તાલુકાના મેંદરડા ગામે સર્વે નં.૬૭/પૈકી ૬ ની ખેડ ખાતા નં.૫૮૭ થી ક્ષેત્રફળ હે.આ.ચો.મી.૧-૦૧-૧૭ ની ખેતીની જમીન ધરાવતા હોય પાક ધિરાણના હેતુ માટે માંગણી કરતા બેંકના નિયમો અને શરતો મુજબ ખરીફપાક માટે ૧૮૮૦૦૦ ની લોન નો લીમીટ મંજુર કરવામાં આવેલ. ઉપરોકત રકમ ૭% ના વ્યાજથી એક વર્ષની અંદર ભરી જવાની શરતે મંજુર કરવામાં આવેલ અને એક વર્ષમાં ભરવામાં પ્રતિવાદી કસુર કરે તો દંડનીય વ્યાજ સાથે એક સાથે સઘળી રકમ વસુલ કરવાની શરતે ધિરાણ મંજુર કરવામાં આવેલ. જે અંગેના જરૂરી દસ્તાવેજો ઉપર પ્રતિવાદીએ વાદી બેંકમા આવી મેનેજર રૂબરુ સહીઓ કરી આપેલા છે. પ્રતિવાદીએ ધિરાણની રકમ ભરપાઈ કરવામાં બેદરકાર રહેલા અને વાદી બેંક પાસે નકકી થયેલ શરતો મુજબ નિયત સમયમાં રૂપિયા ભરપાઈ કરેલ નહીં તેથી વાદી બેંકમા પ્રતિવાદીના ખરીફ લોન ખાતા નં.૭૮૦૨૫૯૦૯૭૭૮ મુજબ તા.૨૮/૧૧/૨૦૨૪ સુધીમાં રોજ રૂા.૨,૬૮,૪૮૭/- અંકે રૂપિયા બે લાખ અળસઠ હજાર ચારસો સીતાસી પુરા તથા ત્યારબાદ તેના પર ચડત થવા પામેલ છે. તે ચુકવવાની જવાબદારી પ્રતિવાદીની રહેલી છે. તેથી વાદી બેંક તરફથી આ કામના પ્રતિવાદીને ખરીફ ધિરાણ ખાતાની ચડત બાકીની રકમ ભરપાઈ કરવા માટે તા.૩/૧૨/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ આપવામાં આવેલ તે નોટીસ પ્રતિવાદીને બજવણી થઈ ગયેલ હોવા છતાં ધિરાણ ખાતા મુજબની રકમ ભરપાઈ કરેલ નથી તેથી હાલનો દાવો લાવેલ છે. વાદીએ આ કામના પ્રતિવાદી પાસેથી વાદી બેંકના ઉપરોકત લોનની બાકી લેણી નીકળતી રકમ રૂા.૨,૬૮,૪૮૭/- અંકે રૂપિયા બે લાખ અળસઠ હજાર ચારસો સીતાસી પુરા કરારની શરતો મુજબ ૧૨% ના વ્યાજ સાથે

પ્રતિવાદીની સ્થાવર અને જંગમ મિલકતો ઉપરથી તેમજ જાત મિલ્કત ઉપરથી વાદી બેંકને એકી આંકડે વસુલ અપાવવા તેમજ દાવાની લાગતી બીજી મળી શકતી તમામ દાદ અપાવવા તેમજ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ આપવવા હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

। ૨ । **પ્રતિવાદીનો બચાવ :**

વાદીના દાવાના સમન્સ પ્રતિવાદીને બજી જવા છતા પ્રતિવાદી હાજર થયેલ ન હોય કે કોઈ જવાબ રજુ કરેલ ન હોય જેથી પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કરી સદરહુ દાવો પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

। ૩ । **મુદ્દાઓ :**

1 : Whather the plaintiff bank proves that the plaint has been signed and verified by the authorized person of the Bank ?

2 : Whather the plaintiff bank proves that the defendants have taken a loan from the bank and he has also executed the documants in favour of the bank as alleged ?

3 : Whather the plaintiff bank proves that defendants have acknowledge the debt due towards bank ?

4 : Whather the plaintiff bank proves that tkey are intitled to recover Rs.2,68,487–00 paisa from persons and properties of the defendants ?

5 : Whather the plaintiff bank is intitled to get interest ? If yes at what rate ?

6 : Whather the plaintiff bank is intitled to get relief as prayed for ?

7 : What order and decree ?

।૪। **<u>મારા નિર્ણયો :</u>**

મુદા નં.૧ – હકારમાં.

મુદા નં.૨ – હકારમાં.

મુદા નં.૩ – હકારમાં.

મુદા નં.૪ – હકારમાં.

મુદા નં.૫ – હકારમાં, ૧૨% ના દરે.

મુદા નં.૬ – હકારમાં.

મુદા નં.૭ – આખરી હુકમ મુજબ.

।૫। આ દાવા કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

| | –: મૌખિક પુરાવા :– | |
|---|---|---|
| ક્રમ | વિગત | આંક |
| ૧. | વાદી સાહેદ આકાશ શર્માનુ પુરાવા એફીડેવીટ | ૧૪ |
| ક્રમ | –: દસ્તાવેજી પુરાવા :– | આંક |
| ૧. | ખરીફ પાક ધિરાણની અરજીની નકલ | ૧૯ |
| ૨. | ખરીફ પાક ધિરાણનો મંજુરી પત્રની નકલ | ૨૦ |
| ૩. | હાઈપોથીકેશન લેટરની નકલ | ૨૧ |
| ૪. | રીન્યુઅલ પત્રકની નકલ | ૨૨ |
| ૫. | ધિરાણ ખાતા નં.૭૮૦૨૫૯૦૯૭૭૮ ની નકલ | ૨૩ |
| ૬. | ખરીફ ધિરાણનો ઉતારો કમ્પ્યુટર જનરેટેડ કોપી | ૨૪ |
| ૭. | ગામ નમુના નં.૮(અ) કમ્પ્યુટર જનરેટેડ કોપી | ૨૫ |
| ૮. | ગામ નમુના નં.૭ કમ્પ્યુટર જનરેટેડ કોપી | ૨૬ |
| ૯. | પ્રતિવાદીને મોકલેલ નોટીસની વિન્ડો સ્લીપની નકલ | ૨૭ |
| ૧૦. | મામલતદાર કચેરી ઈ–ધરા કેન્દ્રમાં પડાવેલ બોજા નોંધ નંબર ૧૧૬૮૧ ની નકલ | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧૧. | બેંકની રીજીયોનલ ઓફીસ તરફથી આપવામાં આવેલ ઓથોરીટી લેટરની નકલ | ૨૯ |
| ૧૨. | પ્રતિવાદીએ લખી આપેલ ખરીફ રીવાઈટર લેટરની નકલ | ૩૦ |
| ૧૩. | પ્રતિવાદીને નોટીસ મળ્યાની એકનોલોજમેન્ટ સ્લીપની નકલ | ૩૧ |
| ૧૪. | પ્રતિવાદીને કરેલ નોટીસની સ્થળપ્રત | ૩૨ |
| ૧૫. | કલોઝીંગ પુરશીષ | ૩૪ |

।૬। **<u>વાદી તરફે મૌખિક પુરાવા :</u>**

વાદી તરફે સાહેદે પોતાના દાવાના સમર્થનમા આંક–૧૪ થી સરતપાસ અંગે સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ દાવા અરજી મુજબની હકીકતોને સમર્થન આપેલ છે. પ્રતિવાદીએ કોર્ટમાં હાજર થઈ વાદીની ઉલટ તપાસ લઈ વાદીએ સરતપાસના સોગંદનામામાં જણાવેલ હકીકતોને પડકારેલ નથી.

।૭। **<u>વાદી તરફે દલીલો</u>**

વાદી તરફે તેમના વિધ્વાન વકીલ શ્રી પી.પી.ગજેરાની દલીલ છે કે, વાદી તરફે પોતાના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી દાવાની હકીકત પુરવાર કરેલ છે, જયારે પ્રતિવાદીએ આ કામે હાજર થઈ વાદીના દાવાનો કોઈ જવાબ આપેલ નથી કે વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ નથી, તેથી દાવાની હકીકતો પુરવાર થયેલ માની દાવામાં માંગ્યા મુજબ દાદ અપાવવા વિનંતી છે.

।૮। સદર કામે પ્રતિવાદી વિરૂધ્ધ એક તરફી ચલાવવામાં આવેલ હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલો રજુ થયેલ નથી.

।૯। **<u>–: મુદ્દા અંગેના મારા નિર્ણય :–</u>**

**<u>મુદા નં.૧ થી ૩ :–</u>**

ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના

હેતુથી તમામ મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

આ કામે વાદી બેન્કના મેનેજર શ્રી આકાશ શર્માએ આંક–૧૪ થી પુરાવા એફીડેવીટ રજુ કરી દાવા મુજબની હકીકતો જણાવેલ છે. ઉપરાંત પોતાના મૌખીક પુરાવાના સમર્થનમાં વાદી તરફે ખરીફ પાક ધિરાણની અરજીની નકલ આંક–૧૯ થી, ખરીફ પાક ધિરાણનો મંજુરી પત્રની નકલ આંક–૨૦ થી, હાઈપોથીકેશન લેટરની નકલ આંક–૨૧ થી, રીન્યુઅલ પત્રકની નકલ આંક–૨૨ થી, ધિરાણ ખાતા નં.૭૮૦૨૫૯૦૯૭૭૮ ની નકલ આંક–૨૩ થી, ખરીફ ધિરાણનો ઉતારો કમ્પ્યુટર જનરેટેડ કોપી આંક–૨૪ થી, ગામ નમુના નં.૮(અ) કમ્પ્યુટર જનરેટેડ કોપી આંક–૨૫ થી, ગામ નમુના નં.૭ કમ્પ્યુટર જનરેટેડ કોપી આંક–૨૬ થી, પ્રતિવાદીને મોકલેલ નોટીસની વિન્ડો સ્લીપની નકલ આંક–૨૭ થી, મામલતદાર કચેરી ઈ–ધરા કેન્દ્રમાં પડાવેલ બોજા નોંધ નંબર ૧૧૬૮૧ ની નકલ આંક–૨૮ થી, બેંકની રીજીયોનલ ઓફીસ તરફથી આપવામાં આવેલ ઓથોરીટી લેટરની નકલ આંક–૨૯ થી, પ્રતિવાદીએ લખી આપેલ ખરીફ રીવાઈટર લેટરની નકલ આંક–૩૦ થી, પ્રતિવાદીને નોટીસ મળ્યાની એકનોલોજમેન્ટ સ્લીપની નકલ આંક–૩૧ થી, પ્રતિવાદીને કરેલ નોટીસની સ્થળપ્રત આંક–૩૨ થી રજુ કરેલ છે. જે તમામ આધારે પણ વાદી પાસે પ્રતિવાદીએ પોતાના પોતાના ધંધાની પ્રવૃતિ માટે લોન મેળવવા અરજી કરેલ. વાદીએ પ્રતિવાદીની અરજી આધારે પ્રતિવાદીની રુા.૧,૦૦,૦૦૦/– લોન મંજુર કરેલ હતી અને તે લોન અન્વયે પ્રતિવાદીએ વાદી જોગ લેટર ઓફ એરેજમેન્ટ કરી આપેલ છે.

।૧૦। ઉપરાંત પ્રતિવાદીએ વાદીના દાવાનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે વિરુધ્ધનો મૌખીક કે દસ્તાવેજી કોઈ જ પુરાવો રજુ કરેલ નથી, જેથી વાદીના દાવાને વાદીના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી સંપુર્ણ સમર્થન મળતુ હોય તે નહી માનવા કોઈ કારણ નથી. જેથી પ્રતિવાદીએ ધિરાણ મેળવવા વાદી બેંકમાં અરજી કરેલ અને અરજીના આધારે પ્રતિવાદીને રૂા.૧,૮૮,૦૦૦/– ખરીફ પાક માટે લોન મંજુર કરવામાં આવેલ તથા આ નાંણાકીય સગવડતાના અનુસંધાને વાદી જોગ જરુરી બેન્કીંગ ડોકયુમેન્ટ સહી કરી આપેલાનુ અને સદર લોનની રકમ પ્રતિવાદીએ ભરપાઈ નહી કરેલાનું જણાય છે. જેથી વાદી બેન્કની વ્યાજ સહીત બાકી લેણી રકમ રુા.૨,૬૮,૪૮૭/– વસુલ આપવા પ્રતિવાદી જવાબદાર હોવાનુ

જણાઈ આવે છે. વાદી તેઓની બાકી લેણી રકમ ઉપર પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા પણ હકકદાર હોય વાદીને તેઓની બાકી લેણી રકમ ઉપર ૧૨% લેખે વ્યાજ અપાવવાનો હુકમ કરવામાં આવશે તો ન્યાયના હીતમાં ઉચિત રહેશે એમ હુ માનુ છુ. જેથી મુદા નં.૧ થી ૬ નો નિર્ણય હકારમાં આપી મુદા નં.૭ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

૧ : વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે અને વાદી પ્રતિવાદી પાસે લોન ધિરાણની બાકી લેણી નીકળતી રકમ રૂા.૨,૬૮,૪૮૭/- (અંકે રૂપિયા બે લાખ અડસઠ હજાર ચારસો સીતાસી પુરા) દાવા તારીખથી ૧૨ ટકાના ચડત વ્યાજ સહીત પ્રતિવાદીની તમામ પ્રકારની સ્થાવર તેમજ જંગમ મિલ્કતમાંથી મુદૃલ રકમ તથા તે અન્વયેનું તમામ વ્યાજ વસુલ મેળવવા હકકદાર વાદી બનતા હોવાનુ ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની બાકી લેણી તમામ રકમ હુકમની તારીખથી ત્રણ માસમાં ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨ : વાદી તથા પ્રતિવાદી બંને પક્ષકારોનુ દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવુ.

૩ : હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આજ તા.૧૫મી, માહે: એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા.
તા.૧૫/૦૪/૨૦૨૬

( કૃષ્ણ સિંહ રાઠૌર )
મુખ્ય સીવીલ જજ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮